# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ભારત જર્મની સાથેની મિત્રતા અને ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે
2. પ્રધાનમંત્રી અને જર્મનીના વાઇસ ચાન્સેલરે અમદાવાદમાં ગાંધી આશ્રમની મુલાકાત બાદ આંતરરાષ્ટ્રીય પતંગમહોત્સવનો આરંભ કરાવીને પતંગ ચગાવી.
3. સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શ્રદ્ધાંજલી અર્પી.
4. કરૂર ભાગદોડ મુદ્દે ટીવીકેના વડા અને અભિનેતા વિજય મામલે નવી દિલ્હી સ્થિત સીબીઆઇ મુખ્યાલય પહોંચ્યા.
5. સરકારે જણાવ્યું છે કે, દેશમાં માછલીનું ઉત્પાદન 106 ટકાના વધારા સાથે 2024-25માં 198 લાખ ટન થયું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM – MAHATMA MANDIR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ભારત જર્મની સાથેની મિત્રતા અને ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ગુજરાતના અમદાવાદમાં જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સે સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે પદ સંભાળ્યા પછી ચાન્સેલર ફ્રેડરિક મેએત્સેની આ ભારત અને એશિયાની પ્રથમ મુલાકાત છે, જે ભારત સાથેના સંબંધોને તેમના મહત્વ પર ભાર મૂકે છે.

પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આ મુલાકાત એક ખાસ સમયે આવી છે, જે દ્વિપક્ષીય સંબંધો માટે તેને વધુ મહત્વપૂર્ણ બનાવે છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે ભારત અને જર્મનીએ ગયા વર્ષે તેમની વ્યૂહાત્મક ભાગીદારીના 25 વર્ષ અને આ વર્ષે રાજદ્વારી સંબંધોના 75 વર્ષ ઉજવ્યા છે.

(BYTE- PM . 25 YEARS)

તેમણે જણાવ્યું હતું કે આ સીમાચિહ્નો ફક્ત સમય-ચિહ્નો નથી પરંતુ સહિયારી મહત્વાકાંક્ષાઓ, પરસ્પર વિશ્વાસ અને સતત મજબૂત બનતા સહયોગને પ્રતિબિંબિત કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારત અને જર્મની જેવી મુખ્ય અર્થવ્યવસ્થાઓ વચ્ચે ગાઢ સહયોગ સમગ્ર માનવતા

માટે જરૂરી છે, અને વધતા વેપાર અને રોકાણ સંબંધોએ વ્યૂહાત્મક ભાગીદારીમાં નવી ઉર્જાનો સંચાર કર્યો છે.

(BYTE- PM – BHAGIDARI )

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સેની હાજરીમાં ભારત અને જર્મની વચ્ચે સમજૂતી કરારોનું પણ આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . .

**PM AND GERMAN CHANCELLOR FRIEDRICH KITE & SABARMATI (1)**

**પ્રધાનમંત્રીની ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતના આજે અંતિમ દિવસે શ્રી મોદીએ અમદાવાદના રિવરફ્રન્ટમાં યોજાયેલા આંતરારાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમની સાથે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સ ઉપસ્થિત રહી પતંગ ચગાવ્યા હતા.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલ**

**(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)**

આ પતંગ મહોત્સવમાં 50 દેશોના 135 પતંગબાજોની સાથે દેશના 13 રાજ્યોમાંથી 65 અને રાજ્યના 16 જિલ્લામાંથી 871 પતંગબાજો ભાગ

લીધો હતો અને વિવિધ પ્રકારના શ્રેષ્ઠ વિશાળકાય પતંગો ચગાવી રહ્યા છે. આ ઉપરાંત 13 મી જાન્યુયારીએ રાત્રે પણ પતંગ ચગાવવામાં આવશે.

આ પતંગ મહોત્સવમાં અમદાવાદની વારસાગત સ્થાપત્ય પરંપરાને દર્શાવતી હેરિટેજ હવેલી અને પૌરાણિક પોળ, રંગબેરંગી હસ્તકલા બજાર, હેરિટેજ વોક-વે પર રચાયેલ પતંગ મ્યુઝિયમ, આકર્ષક આઈકોનિક ફોટો વોલ ઇન્સ્ટોલેશન્સની સાથે સાથે આજે સાંજે સાત વાગ્યાથી વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જેમાં સુપ્રસિદ્ધ લોક ગાયિકા કિંજલ દવે પ્રસ્તુતિ કરશે.

**PM AND GERMAN CHANCELLOR FRIEDRICH KITE & SABARMATI (2)**

દરમિયાન આજે સવારે, બંને નેતાઓએ સાબરમતી આશ્રમમાં ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. બંને નેતાઓએ મહાત્મા ગાંધીના ભૂતપૂર્વ નિવાસસ્થાન, 'હૃદય કુંજ'ની મુલાકાત લીધી, જ્યાં તેઓએ ચરખા કાંતવાની પરંપરાગત પ્રક્રિયા નિહાળી હતી.. બંને નેતાઓએ ગાંધીજીના સરળતા, આત્મનિર્ભરતા અને સત્ય અને અહિંસા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાના મૂલ્યો પ્રત્યે ઊંડો આદર વ્યક્ત કર્યો.

આ અનુભવથી ખૂબ જ પ્રભાવિત થઈને, ચાન્સેલર ફ્રેડરિક મેએત્સે વિઝિટર બુકમાં લખ્યું કે સ્વતંત્રતાની શક્તિમાં મહાત્મા ગાંધીનો દ્રઢ વિશ્વાસ વિશ્વ માટે પ્રેરણાનો સ્ત્રોત છે. તેમણે ભાર મૂક્યો કે આ સહિયારો માનવ વારસો ભારત અને જર્મનીના લોકો વચ્ચે મિત્રતાના સેતુ તરીકે કામ કરે છે, અને એ વાત પર પણ ભાર મૂક્યો કે ગાંધીજીના ઉપદેશો આજના વિશ્વમાં પણ ખૂબ જ સુસંગત છે.

અર્પણા ખુંટના અહેવાલ સાથે અજય ઈન્દ્રકેર, આકાશવાણી

અમદાવાદ,

. . . . . . . . . . . . . . . . . . . . . .

**SWAMI VIVEKANAND**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સ્વામી વિવેકાનંદને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્વામી વિવેકાનંદ એક શાશ્વત, સ્વપ્નદ્રષ્ટા અને આધ્યાત્મિક વ્યક્તિત્વ હતા. તેમણે ભારતના શાશ્વત જ્ઞાનને વિશ્વમાં ફેલાવ્યું.

ઉપરાષ્ટ્રપતિ સી.પી.રાધાકૃષ્ણને સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, સ્વામી વિવેકાનંદનું જીવન અને ઉપદેશો આંતરિક શક્તિ, સ્વ-શિસ્ત અને નિઃસ્વાર્થ સેવાને હેતુપૂર્ણ જીવનના આધારસ્તંભ તરીકે ભાર મૂકે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સ્વામી વિવેકાનંદ ભારતના યુવાનો માટે પ્રેરણાના શક્તિશાળી સ્ત્રોત છે. સ્વામી વિવેકાનંદનું વ્યક્તિત્વ અને કાર્ય સતત વિકસિત ભારતના સંકલ્પને નવી ઉર્જા પ્રદાન કરે છે. પ્રધાનમંત્રીએ શુભેચ્છા પાઠવી હતી કે આ પવિત્ર પ્રસંગ તમામ દેશવાસીઓ, ખાસ કરીને યુવાનો માટે નવી શક્તિ અને નવો આત્મવિશ્વાસ લાવે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે કહ્યું કે, સ્વામી વિવેકાનંદના વિચારો, જે લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ન રોકાવાનો સંદેશ આપે છે, તે યુવાનોમાં ફરજ અને દેશભક્તિની ભાવના જાગૃત કરી રહ્યા છે .મંત્રીએ

કહ્યું કે, રામકૃષ્ણ મિશન દ્વારા, સ્વામી વિવેકાનંદે સમાજ સેવાના આદર્શો પણ સ્થાપિત કર્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN**/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# CBI-KARUR

તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે)ના વડા અને અભિનેતા વિજય કરુર ભાગદોડ દુર્ઘટનાની તપાસના સંદર્ભમાં નવી દિલ્હી સ્થિત સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ના મુખ્યાલય પહોંચ્યા છે. આ ઘટનામાં **41** લોકોના મોત થયા હતા.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ટીવીકે દ્વારા અભિનેતામાંથી રાજકારણી બનેલા અને પાર્ટીના સ્થાપક વિજયના સ્વાગત માટે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ભાગદોડ મચી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## US - IRAN

ઈરાનમાં સરકાર વિરોધી વિરોધ પ્રદર્શન આજે 16મા દિવસે પણ ચાલુ છે. અહેવાલ અનુસાર, આ વિરોધ પ્રદર્શનોમાં મૃત્યુઆંક 544 પર પહોંચી ગયો છે. દેશમાં ઇન્ટરનેટ અને ફોન લાઇન ખોરવાઈ હોવા છતાં,વિરોધ પ્રદર્શન ચાલુ છે. અને 10 હજાર 681 થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

દરમિયાન, અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે ઈરાની નેતૃત્વ સાથે બેઠક યોજાઈ રહી છે. અને પ્રદર્શનકારીઓ સામેના વિરોધ અને હિંસા અમેરિકાને બેઠક પહેલા કાર્યવાહી કરવા દબાણ કરી શકે છે.

દરમિયાન, ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાકર કાલિબાફે ચેતવણી આપી છે કે જો અમેરિકા તેમના દેશમાં અશાંતિ વચ્ચે લશ્કરી રીતે દખલ કરશે,તો ઈરાન યુએસ લશ્કરી અને વ્યાપારી સુવિધાઓ સામે બદલો લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## TRUMP GREENLAND

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, અમેરિકા ગ્રીનલેન્ડને પોતાના કબજામાં લેશે. ટ્રમ્પે ચેતવણી આપી હતી કે, આમ કરવામાં નિષ્ફળતાથી રશિયા અથવા ચીન આ પ્રદેશ પર નિયંત્રણ મેળવી શકશે.

ટ્રમ્પે કહ્યું કે, તેઓ વાટાઘાટો દ્વારા સમાધાન કરવાનું પસંદ કરે છે. ગ્રીનલેન્ડમાં લશ્કરી કાર્યવાહી અંગે, ટ્રમ્પે કહ્યું કે, અમેરિકા સાર્વભૌમત્વ પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તેમણે એવી ચિંતાઓને ફગાવી દીધી કે, આવા પગલાથી નાટોને નુકસાન થઈ શકે છે.

ડેનમાર્કનો સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડ, આર્ક્ટિકમાં તેના સ્થાનને કારણે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે. ગ્રીનલેન્ડમાં અમેરિકી દળો પહેલેથી જ હાજર છે. આ ક્ષેત્રમાં રશિયન અને ચીની ગતિવિધિઓમાં વધારો થવાને કારણે આર્ક્ટિક સુરક્ષા ચિંતાનો વિષય બની રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## GOVT - FISH PRODUCTION

સરકારે જણાવ્યું છે કે, દેશમાં માછલીનું ઉત્પાદન વર્ષ 2013-14માં ૯૫ લાખ ટનથી **106** ટકાના વધારા સાથે 2024-25માં આશરે 198 લાખ ટન થયું છે.

મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયના જણાવ્યા અનુસાર, મત્સ્યઉદ્યોગ અને જળચરઉદ્યોગ ક્ષેત્ર દેશના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે આશરે ત્રણ કરોડ માછીમારો અને મત્સ્યઉદ્યોગ ખેડૂતોને આજીવિકા પૂરી પાડે છે. ભારત વિશ્વનો બીજો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે, જે વૈશ્વિક ઉત્પાદનમાં આઠ ટકા યોગદાન આપે છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, મત્સ્યઉદ્યોગ ક્ષેત્રના વ્યાપક વિકાસને પ્રોત્સાહન આપવા માટે શ્રેણીબદ્ધ પરિવર્તનકારી પહેલો લેવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, 2014-15થી વાદળી ક્રાંતિ, પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અને પ્રધાનમંત્રી મત્સ્ય કિસાન સમૃદ્ધિ સહ-યોજના સહિત વિવિધ યોજનાઓમાં 32 હજાર 723 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારતની સીફૂડ નિકાસ **2024-25** દરમિયાન **62** હજાર **408** કરોડ રૂપિયાના મૂલ્યના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરને સ્પર્શી ગઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## DELHI- COLD

દિલ્હીમાં આજે તાપમાનમાં ઝડપી ઘટાડાને કારણે ભારે ઠંડીનો અનુભવ થયો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે લઘુત્તમ તાપમાન 2.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

પાલમમાં લઘુત્તમ તાપમાન 3.3 ડિગ્રી સેલ્સિયસ અને લોધી રોડમાં 3 ડિગ્રી સેલ્સિયસ હતું. દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં 17 જાન્યુઆરી સુધી ગાઢ ધુમ્મસ રહેવાની સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## ISRO-PSLV-C62

આજે સવારે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ થયા પછી PS3 સ્ટેજના અંતમાં PSLV-C62 ના 64મા મિશનમાં એક અસંગતતા જોવા મળી. ISRO ના ચેરમેન ડૉ. વી. નારાયણને જણાવ્યું હતું કે PSLV એ ચાર-તબક્કાનું લોન્ચ વ્હીકલ છે જેમાં બે સોલિડ સ્ટેજ અને બે લિક્વિડ સ્ટેજ છે.

તેમણે કહ્યું કે ત્રીજા સ્ટેજના અંત સુધી વાહનનું પ્રદર્શન અપેક્ષા મુજબ હતું. જોકે, ત્રીજા સ્ટેજના અંતની નજીક, વાહનના રોલ રેટમાં થોડી વધારે ખલેલ જોવા મળી હતી, ત્યારબાદ ફ્લાઇટ પાથમાં વિચલન જોવા

મળ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે હાલમાં ડેટાનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

અગાઉ, **64**મું મિશન ઉડાન ભર્યું હતું, જે **44.4**-મીટર-ઊંચા, ચાર-તબક્કાના **PSLV-C62** રોકેટ માટે મહત્વપૂર્ણ ઉડાન હતું. **PSLV** સ્થાનિક અને વિદેશી ગ્રાહકો બંને માટે **14** અન્ય વ્યાપારી પેલોડ સાથે પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ લઈ જઈ રહ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . .